પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૩ | ૨૫ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિશ્વમાં ઓમિક્રોનના ૧.૫૧ લાખ કેસ

## વિશ્વના ૧૦૮ દેશોમાં ઓમિક્રોનનું સંક્રમણમ પ્રસરી ગયું : બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, નોર્વે, કેનેડા, જર્મની, સા. આફ્રિકામાં સૌથી વધારે ઓમિક્રોનના કેસ છે, ભારતીય સ્વાસ્થ્ય મંત્રાલયે માહિતી આપી



નવી દિલ્હી, તા.૨૪

દુનિયાના ૧૦૮ દેશોમાં ઓમિક્રોન ફેલાઈ ચૂક્યુ છે. એટલુ જ નહીં અત્યાર સુધી ૧.૫૧ લાખ કેસ સામે આવી ચૂક્યા છે. ૨૬ લોકોએ ઓમિક્રોનથી જીવ ગુમાવી ૨૬ લોકોના મોત થયા છે. બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, નોર્વે, કેનેડા, જર્મની, સાઉથ આફ્રિકામાં સૌથી વધારે ઓમિક્રોનના કેસ છે.

રાજેશ ભૂષણે કહ્યુ,

**દેશમાં ઓમિક્રોનના કુલ ૪૨૮ કેસ**
**ગુજરાતમાં ઓમિક્રોનના કુલ ૪૩ કેસ**

ચૂક્યા છે. આ જાણકારી ભારતીય સ્વાસ્થ્ય મંત્રાલયે પ્રેસ કોન્ફરન્સ કરી આપી.

સ્વાસ્થ્ય મંત્રાલયના સચિવ રાજેશ ભૂષણે જણાવ્યુ કે દુનિયામાં ૧૦૮ દેશોમાં ૧ લાખ ૫૧ હજાર કરતા વધારે કેસ સામે આવ્યા છે. ડબલ્યુએચઓએ ત્રણ કારણો ગણાવ્યા, જે રીતે ઓમિક્રોનને ખતરનાક માનવામાં આવી રહ્યુ છે. પહેલુ કારણ ગ્લોબલ કેસની સંખ્યા વધારે છે. બીજુ એવુ લાગે છે કે ઈમ્યુન એસ્કેપનુ પોટેન્શિયલ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં ત્રીજી લહેર ફેબ્રુઆરીમાં ચરમસીમાએ પહોંચી શકે : નિષ્ણાત

## કોરોનાની ત્રીજી લહેરને લઈને લોકોમાં ભયનો માહોલ : રિસર્ચ રિપોર્ટ તૈયાર કરવા ભારતમાં આવેલી કોરોનાની પહેલી-બીજી લહેરના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો

હૈદરાબાદ, તા.૨૪

આઈઆઈટીકાનપુરના સંશોધકોની આગાહી અનુસાર કોરોનાની ત્રીજી લહેર ફેબ્રુઆરીમાં શરુ થઈ શકે છે અને શક્ય છે કે નવો ઓમિક્રોન વેરિયન્ટ આ લહેર માટેનું કારણ બને. ઓનલાઈન પ્રી-પ્રિન્ટ સર્વ મેડરિક્સવીમાં પ્રકાશિત એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જો કોરોનાની ત્રીજી લહેર વિષ અનુમાન લગાવવામા આવે તો દુનિયાભરમા અત્યારે જે બની રહ્યું છે તેને જોતાં આ રિપોર્ટમાં ધારણા કરવામાં આવે છે કે, ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ડિસેમ્બરમાં શરુ થઈ શકે છે અને ફેબ્રુઆરીની શરુઆતમાં તે ચરમસીમાએ પહોંચશે.

ભારતમા કોરોનાની ત્રીજી લહેરની આગાહી કરવા માટે સંશોધકોની ટીમે ગૌસિયન મિટ્યુર મોડેલ તરીકે ઓળખતા એક ટૂલનો ઉપયોગ કર્યો હતો. આ રિસર્ચ રિપોર્ટ તૈયાર કરવા માટે ભારતમાં આવેલી કોરોનાની પહેલી અને બીજી લહેરના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સિવાય દુનિયાના વિવિધ દેશોમાં ઓમિક્રોન વાયરસને કારણે વધતી કેસની સખ્યાને પણ ધ્યાનમાં લેવામાં આવી હતી.

સંશોધકોએ જણાવ્યુ કે, અભ્યાસ અનુસાર કોરોનાના કેસ ૭૩૫ દિવસ પછી



ચરમસીમાએ પહોંચે છે. અમે ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ પ્રાથમિક અવલોકન કર્યુ હતું. જ્યારે ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. તેના ૭૩૫ દિવસ પછી કોરોનાની પ્રથમ લહેર આવી હતી. આ આંકડા અનુસાર જોવા જઈએ તો ૧૫મી ડિસેમ્બર ૨૦૨૧ની આસપાસ કેસ વધવાની શરુઆત થઈ ગઈ હતી, અને ત્રીજી લહેર ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં આવી શકે છે.

# દેશમાં ઓમિક્રોન ૩૧૮%ની ઝડપે ફેલાય છે

નવી દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાનો નવો વેરિએન્ટ ઓમિક્રોન મૂળ વાયરસની સરખામણીએ ત્રણ ગણી ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારતમાં નવા વેરિએન્ટનો પહેલો કેસ ૨ ડિસેમ્બરના રોજ મળ્યો હતો. પરંતુ માત્ર ૧૯ દિવસની અંદર આ વાયરસની ઝપેટમાં આવનારાની સંખ્યા ૨૦૦ પાર કરી ગઈ. તેનાથી વિપરિત મૂળ કોરોના વાયરસથી સંક્રમણના ૨૦૦ કેસ મળતા ૬૦ દિવસ લાગ્યા હતા. જેને જોતા ઓમિક્રોન સંક્રમણ ફેલાવવાનો દર મૂળ વારયસની સરખામણીએ ૩૧૮ ટકા છે. ઓમિક્રોને આ દરમિયાન જ્યાં પ્રતિદિન સરેરાશ ૧૦.૫ લોકોને સંક્રમિત કર્યા ત્યાં શરૂઆતના બે મહિના દરમિયાન મૂળ વાયરસે પ્રતિદિન ફક્ત ૩.૩ લોકોને સંક્રમિત કર્યા. દેશમાં કોરોના સંક્રમણનો પહેલો કેસ વર્ષ ૨૦૨૦માં ૩૦ જાન્યુઆરીએ નોંધાયો હતો. ત્યારબાદ એક એપ્રિલ ૨૦૨૦ના રોજ કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૨૦૦ થઈ હતી. નોંધનીય છે કે ઓમિક્રોનનો સૌથી પહેલો કેસ દક્ષિણ આફ્રિકામાં જોવા મળ્યો હતો. ત્યારબાદથી તે લગભગ ૧૦૦ દેશોમાં ફેલાઈ ચૂક્યો છે. આ જ કારણ છે કે ભારતમાં તેના તેજ પ્રસારને જોતા ભાત ભાતની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. દેશના ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓમિક્રોન ફેલાઈ ચૂક્યો છે. અત્યાર સુધીમાં ૨૩૬થી વધુ લોકો સંક્રમિત થયા છે જ્યારે ૧૦૬ જેટલા સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૫

**મહારાષ્ટ્ર-દિલ્હીમાં ઓમિક્રોનના કેસ સૌથી વધુ : ભારતમાં નવા વેરિએન્ટનો પહેલો કેસ ૨ ડિસેમ્બરના રોજ મળ્યો હતો પરંતુ ૧૯ દિવસની અંદર ૨૦૦ પાર કરી ગઈ**

# અનંતનાગમાં સેના સાથેની અથડામણમાં આતંકી ઠાર

નવી દિલ્હી,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષાદળોની વચ્ચે અથડામણ થઈ ગઈ છે, જેમાં એક આતંકી ઠાર મરાયો છે. અરવાની વિસ્તારમાં જવાન તૈનાત છે અને આ વિસ્તારને પુરેપુરી રીતે ઘેરી લેવામાં આવ્યો છે. બતાવવામાં આવી રહ્યું છે કે, પોલીસ અને સુરક્ષા દળો જેવા જ આતંકીઓની નજીક પહોંચ્યા તો આતંકીઓએ ફાયરિંગ કરી દીધુ હતુ, જેમાં જવાબી કાર્યવાહી કરવામાં આવી. વળી આ કાર્યવાહીમાં એક આતંકીને ઠાર કરી દેવાયો હોવાની ખબર છે. પોલીસ અધિકારીએ આ વાતની પુષ્ટી કરી છે કે સુરક્ષા દળો અને આતંકીઓની વચ્ચે ફાયરિંગ હજુ પણ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકી કાવતરામાં ખુબ ઝડપ આવી છે. આતંકી સતત સામાન્ય લોકોને પોતાના નિશાન બનાવી રહ્યાં છે.

# હરભજનસિંહની ૨૩ વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી

નવી દિલ્હી, તા.૨૪

ભારતના દિગ્ગજ સ્પિનર હરભજન સિંહે આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે.

હરભજન સિંહે વર્ષે ૧૯૯૮માં ડેબ્યુ કર્યુ હતુ. ૨૩ વર્ષ બાદ હવે તેણે ક્રિકેટને અલવિદા કહ્યુ છે. ૧૭ વર્ષની ઉંમરે તેણે ક્રિકેટ કેરિયરની શરુઆત કરી હતી.

ભજ્જીનુ કેરિયર શાનદાર રહ્યુ છે. તેણે ૧૦૩ ટેસ્ટમાં ૪૧૭ વિકેટ લીધા છે જ્યારે બે સદી સાથે ૨૨૩૫ રન પણ બનાવ્યા છે.જ્યારે ૨૩૬ વન ડે મેચોમાં તેણે ૨૬૯ વિકેટ ઝડપી છે.ટી-૨૦માં તેના નામે ૨૮ મેચમાં ૨૫ વિકેટો બોલે છે.

ભજ્જી અનિલ કુંબલે અને અશ્વિન બાદ ભારત તરફથી ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર છે.

ભજ્જીએ કહ્યુ હતુ કે ,મારી ૨૩ વર્ષની મુસાફરીને યાદગાર બનાવનારા દરેક વ્યકિતનો આભારી છું.

# ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણી રેલી પર પ્રતિબંધની માગ

## ઓમિક્રોનના વધતા કેસથી દેશભરમાં ચિંતાના માહોલ : રાજકીય રેલી પર રોક લગાવવાનો મામલો સુપ્રીમ સુધી પહોંચ્યો, ડિજિટલ રેલીને લઈને આદેશ જારી કરવા માગ

નવી દિલ્હી, તા. ૨૪

ઓમિક્રોનના વધતા જોખમને જોતા ૫ રાજ્યોમાં થનારી ચૂંટણીને લઈને થઈ રહેલી રાજકીય રેલીઓ પર રોક લગાવવાનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને રાજ્યોમાં થઈ રહેલી રાજકીય રેલીઓ પર રોક લગાવવાની માગ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને ચૂંટણી આયોગને આ નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે કે તમામ રાજકીય પાર્ટીઓને ડિજિટલ રેલીને લઈને આદેશ જારી કરે. સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને એ પણ કહેવામાં આવ્યુ છે કે ચૂંટણી આયોગની રાજકીય રેલીઓને લઈને જે આદેશ આપવામાં આવ્યો છે તેનુ પાલન થઈ રહ્યુ નથી. વકીલ વિશાલ તિવારીએ સુપ્રીમ કોર્ટમાં આ અરજી દાખલ કરી છે.

દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેરનુ જોખમ મંડરાઈ રહ્યુ છે. નવા વેરિઅન્ટને લઈને સમગ્ર દેશમાં એલર્ટ છે. દિલ્હી સહિત કેટલાક રાજ્યોમાં પ્રતિબંધ પણ લગાવી દીધા છે. આ તમામની વચ્ચે યૂપી સહિત પાંચ રાજ્યોમાં જલ્દી જ વિધાનસભા ચૂંટણી પણ થવાની છે. એવામાં અલ્હાબાદ હાઈકોર્ટે પીએમ મોદી અને ચૂંટણી આયોગને યુપી ચૂંટણી ટાળવા અને રેલીઓ પર રોક લગાવવાની અપીલ કરી છે.

અલ્હાબાદ હાઈકોર્ટે વિનંતી કરી છે કે ચૂંટણી રેલીઓ, સભાઓ જેમાં ભીડ એકઠી થાય, તેની પર તત્કાલ રોક લગાવે. જો શક્ય હોય તો ફેબ્રુઆરીમાં થનારી ચૂંટણીને પણ એક-બે મહિના માટે ટાળી દેવામાં આવે. હાઈકોર્ટે ટિપ્પણી કરતા કહ્યુ કે જાન છે તો જહાન છે. જોકે ઓમિક્રોનને લઈને સરકાર ગંભીર છે. પીએમ મોદીએ પણ કોરોનાને લઈને સમીક્ષા બેઠક કરી અને કોરોના પર કાબૂ મેળવવાને લઈને મંથન કર્યુ. સમગ્ર દુનિયામાં ઓમિક્રોનનુ સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યુ છે. ભારતમાં પણ આ વેરિઅન્ટના ત્રણ સો થી વધારે કેસ સામે આવી ચુક્યા છે. દેશમાં ત્રીજી લહેરનુ અંદેશો આવા સમયમાં જણાવવામાં આવી રહ્યુ છે જ્યારે દેશના સૌથી મોટા રાજ્ય યુપી સહિત ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થનારી છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક છે જે માટે તમામ પાર્ટીઓ રેલી, સભાઓ વગેરે કરીને લાખોની ભીડ એકઠી રહી છે જ્યાં કોઈ પણ પ્રકારથી કોરોના પ્રોટોકોલનુ પાલન કરવુ સંભવ નથી અને આ સમય રહેતા રોકવામાં આવ્યુ નહીં તો પરિણામે બીજી લહેરથી ઘણુ ભયાવહ થશે.

# યુપીમાં આજથી નાઈટ કર્ફ્યુ, લગ્નમાં ૨૦૦ને જ મંજૂરી

## ઓમિક્રોનના ભયની વચ્ચે રાજ્ય સરકારોના કડક પગલાં : બજારોમાં માસ્ક નહીં, તો સામાન નહીં ના સંદેશની સાથે વેપારીઓને જાગૃત કરવાના આદેશ આપવામાં આવ્યા

લખનૌ, તા.૨૪

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની દહેશતની વચ્ચે યોગી સરકારે મોટો નિર્ણય કર્યો છે. સીએમ યોગીએ ૨૫ ડિસેમ્બરથી પ્રદેશમાં નાઈટ કર્ફ્યુનુ એલાન કર્યુ છે. લગ્નના આયોજનમાં કોવિડ પ્રોટોકોલની સાથે ૨૦૦ લોકોની અનુમતિ હશે. આ બાબતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉચ્ચ સ્તરીય ટીમ-૦૯ને માર્ગદર્શન આપવામાં આવ્યા છે.

દેશના વિભિન્ન રાજ્યોમાં કોવિડના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. એવામાં ૨૫ ડિસેમ્બરથી પ્રદેશમાં નાઈટ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવશે. દરરોજ રાત્રિ ૧૧ વાગ્યાથી સવારે ૦૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાગુ રહેશે.

બજારોમાં 'માસ્ક નહીં, તો સામાન નહીં' ના સંદેશની સાથે વેપારીઓને જાગૃત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. રસ્તા, બજારોમાં દરેક માટે માસ્ક અનિવાર્ય છે. દેશના કોઈ પણ રાજ્ય અથવા વિદેશથી યુપીની સીમામાં આવનારા દરેક વ્યક્તિની ટ્રેસિંગ-ટેસ્ટિંગના નિર્દેશ આપવામાં આવ્યા છે. સાથે જ બસ, રેલવે અને એરપોર્ટ પર વધારાની તકેદારી રાખવામાં આવશે.

પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ લાખ ૯૧ હજાર ૪૨૮ સેમ્પલની તપાસ થઈ, જેમાં ૪૯ નવા સંક્રમિતોની પુષ્ટિ થઈ છે. પ્રદેશમાં કુલ એક્ટિવ કોવિડ કેસની સંખ્યા ૨૬૬ છે જ્યારે ૧૬ લાખ ૮૭ હજાર ૬૫૭ દર્દી કોરોનાને માત આપી ચૂક્યા છે. શુક્રવારે ૩૭ જિલ્લામાં એક પણ કોવિડ દર્દી મળ્યા નહીં.

# કોવિશિલ્ડનો બૂસ્ટર ડોઝ ઓમિક્રોન સામે રક્ષણ આપે છે

## ઓક્સફર્ડ યુનિવર્સિટીનું એક આશાસ્પદ સંશોધન : બૂસ્ટર ડોઝ લાગુ કરનારાઓને ચેપ લગાડી શકશે નહીં, દેશમાં લગભગ ૯૦ ટકા રસીઓ એસ્ટ્રાઝેનેકા છે

લંડન, તા.૨૪

દેશમાં કોરોનાના ખૂબ જ ઝડપથી ફેલાતા ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમણના કેસોમાં તેજી વચ્ચે, ઓક્સફર્ડ યુનિવર્સિટીનું એક સંશોધન આશાસ્પદ છે. અભ્યાસ મુજબ, એસ્ટ્રાઝેનેકા રસીના બૂસ્ટર ડોઝ સાથે ઓમિક્રોન સામેના એન્ટિબોડીઝમાં નોંધપાત્ર વધારો થાય છે. સરળ શબ્દોમાં, તેને એવી રીતે સમજી શકાય છે કે ઓમિક્રોન એસ્ટ્રાઝેનેકાનો બૂસ્ટર ડોઝ લાગુ કરનારાઓને ચેપ લગાડી શકશે નહીં. આ અભ્યાસ ખાસ કરીને ભારત માટે સારા સમાચાર છે કારણ કે દેશમાં લગભગ ૯૦ ટકા રસીઓ એસ્ટ્રાઝેનેકા છે. બ્રિટિશ ફાર્મા જાયન્ટ એસ્ટ્રાઝેનેકાએ ગુરુવારે જણાવ્યું હતું કે તેની કોરોના વાયરસ રસી વેક્સઝેવરિયાનો બૂસ્ટર ડોઝ ઓમિક્રોન સામે એન્ટિબોડીઝનું ઉચ્ચ સ્તરનું ઉત્પન્ન કરી રહી છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. AstraZeneca રસી Oxford University અને AstraZeneca દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે. તે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવે છે. આ રસી ભારતમાં કોવિશિલ્ડ બ્રાન્ડ નામ હેઠળ ઉપલબ્ધ છે. દેશમાં અત્યાર સુધીની તમામ કોરોના રસીઓમાંથી લગભગ ૯૦ ટકા કોવિશિલ્ડ છે.

ઓક્સફર્ડ યુનિવર્સિટીએ એસ્ટ્રાઝેનેકા રસીના બૂસ્ટર ડોઝ એટલે કે ૩ ડોઝ લીધા હતા તેવા ૪૧ લોકોના લોહીના નમૂનાનું વિશ્લેષણ કર્યું. પરિણામોની તુલના એવા લોકોના લોહીના નમૂનાઓ સાથે કરવામાં આવી હતી જેઓ કોરોના વાયરસમાંથી સ્વસ્થ થયા હતા. એટલે કે, જેમની પાસે કુદરતી રોગપ્રતિકારક શક્તિ હતી. આ માટે માત્ર એવા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા જેઓ કોરોનાના ચિંતાજનક પ્રકારો જેમ કે આલ્ફા, ડેલ્ટા વગેરેથી સંક્રમિત થયા હોય.

# મહાકાલ મંદિરમાં ભસ્મ આરતીમાં પ્રવેશ પર પ્રતિબંધ

ભોપાલ, તા.૨૪

મધ્ય પ્રદેશમાં રાત્રે કર્ફ્યુ લાગુ થયા બાદ ઉજ્જૈન સ્થિત મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મારતીમાં શ્રદ્ધાળુઓનો પ્રવેશ બંધ કરી દેવાયો છે. ઓનલાઈન બુકિંગ પણ રદ કરી દેવાઈ છે.

મધ્ય પ્રદેશમાં રાતે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાગુ કરાયો છે. કોરોનાના વધતા કેસને જોતા કેટલાક અન્ય ઉપાય પણ કરવામાં આવ્યા છે. જેના હેઠળ ઉજ્જૈનના પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિરમાં સવારે થનારી ભસ્મ આરતીમાં શ્રદ્ધાળુઓનો પ્રવેશ પણ બંધ કરી દેવાયા છે. ૧૭ નવેમ્બરને નાઈટ કર્ફ્યુ હટાવ્યા બાદ ૨૦ દિવસ બાદ ૬ ડિસેમ્બરથી જ મહાકાલેશ્વર મંદિરમાં થનારી ભસ્મારતી માટે શ્રદ્ધાળુઓને પ્રવેશ આપવાની શરૂઆત થઈ હતી.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના સર્વે આજીવન સભ્યશ્રીઓને જણાવવાનું કે, **સમાજની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૦૯-૦૧-૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગે બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર** ખાતે મળશે. જેમાં માનવંતા આજીવન સભ્યશ્રીઓને સમયસર પધારવા વિનંતી છે.

**કાર્યસૂચિ :-**

(૧) શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરમાં અવસાન પામેલ સ્વજનોને શ્રધ્ધાંજલિ.
(૨) ગત સામાન્ય સભાની બેઠકની મીનીટસ વાંચી તેને મંજૂર કરવા બાબત.
(૩) વાર્ષિક ઓડીટ હિસાબોના સરવૈયા રજૂ કરી બહાલી આપવા બાબત.
(૪) વર્ષ ૨૦૧૧થી આજ દિવસ સુધી રહેલ હોદ્દેદારો સાથેની આખી કારોબારી વિખેરવાની જાહેરાત ગત તા.૧૮-૧૨-૨૦૨૧ની કારોબારીમાં કરવામાં આવેલ હોઈ, પ્રમુખશ્રીના ઉદભોદન સાથે નવા પ્રમુખ અને કારોબારી સભ્યશ્રીઓની રચના કરવા બાબત.
(૫) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

**પિનાકીન રાવલ** પ્રમુખ | **નરેશ દવે** મહામંત્રી | **નરેન્દ્ર વ્યાસ** ખજાનચી

**ખાસ નોંધ :-**

(૧) નોન કોરમ સભા અડધા કલાક બાદ સભાના નિયત સ્થળે જ હાજર રહેલ સભ્યોથી એજન્ડા પરનું સભાનું કામકાજ પૂરૂં કરશે.
(૨) વાર્ષિક હિસાબોની નકલ શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખવામા આવેલ આજીવન સભ્યશ્રીઓને જોવા માટે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૩૦ મળી શકશે અને તેની કોપી સ્થળ ઉપર આપવામાં આવશે.

